# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-04-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM APPEAL FOR VOTING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં આવતીકાલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં 100 ટકા મતદાન કરવા લોકોને અપીલ કરી છે. એક વીડિયો સંદેશમાં શ્રી પટેલે લોકશાહીના આ મહાપર્વમાં તમામ મતદારોને મતદાન કરવા અનુરોધ કર્યો. તેમણે મતદાનને નાગરિક તરીકેનું પાવન કર્તવ્ય ગણાવતા કહ્યું, દરેક મત રાજ્યના ગામ, તાલુકા, જિલ્લા અને શહેરોના સર્વાંગી વિકાસને વધુ વેગ આપશે.

તો, આમ આદમી પાર્ટીના ગુજરાતના પ્રભારી ગોપાલ રાયે એક વીડિયો સંદેશમાં અને ગુજરાત કૉંગ્રેસ દ્વારા સોશિયલ મીડિયા સંદેશમાં તેમજ રાજ્ય ચૂંટણી પંચના પ્રચારક અને પૂર્વ ક્રિકેટર ચેતેશ્વર પૂજારાએ એક વીડિયો સંદેશમાં રાજ્યના નાગરિકોને ચૂંટણીમાં મતદાનની અપીલ કરી હતી.

**(BYTE: CHETESHWAR PUJARA, BRAND AMBASSADOR, STATE ELECTION COMMISSION)**

# LOCAL BODIES ELECTION

રાજ્યમાં આવતીકાલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને લઈ તમામ જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

ગાંધીનગરના દહેગામના મતદાનમથકો સુધી ચૂંટણી સામગ્રી અને ઇલેક્ટ્રોનિક વૉટિંગ મશીન - EVM મશીન પહોંચાડવા સરકારી બસની ફાળવણી કરવામાં આવી. બીજી તરફ સેક્ટર 15માં જિલ્લા અને તાલુકા પંચાયત તથા નગરપાલિકાની ચૂંટણી માટે EVM ડિસ્પેચની પ્રક્રિયાનો પ્રારંભ થયો. તાલુકા વિકાસ અધિકારી મલય ભૂવાએ આ અંગે વધુ માહિતી આપી.

**(BYTE: MALAY BHUVA, TDO, GANDHINAGAR)**

અરવલ્લીમાં પણ એક હજાર 71 મતદાનમથક પર EVM મશીન પહોંચાડવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. આવતીકાલે સાત લાખ 62 હજારથી વધુ મતદાર મતદાન કરશે, તેમ નાયબ ચૂંટણી અધિકારી ગોપી મહેતાએ જણાવ્યું.

**(BYTE: GOPI MEHTA, DEPUTY ELECTION OFFICER, ARAVALLI)**

ભરૂચમાં 336 બેઠક માટે આવતીકાલે 10 લાખ 86 હજાર જેટલા મતદારો મતદાન કરીને 956 જેટલા ઉમેદવારનું ભાવિ EVM મશીનમાં કેદ કરશે. ભરૂચની

કે. જે. પૉલિટૅક્નિક કૉલેજ ખાતે ચૂંટણી કર્મચારીઓને ચૂંટણીની સામગ્રી સાથે રવાના કરવાની કામગીરી હાથ ધરાઈ.

મહેસાણામાં એક હજાર 723 મતદાનમથક પર મહાનગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયત તથા છ નગરપાલિકાની 382 બેઠક માટે મતદાન થશે. આ સાથે જ 908 જેટલા ઉમેદવારનું ભાવિ EVM મશીનમાં કેદ થશે.

વલસાડમાં છ તાલુકા પંચાયતની 12 બેઠક બિનહરીફ જાહેર થતાં 138 બેઠક માટે આવતીકાલે મતદાન થશે. 8 લાખ 11 હજાર 677 મતદાર મતદાન કરી 363 ઉમેદવારનું ભાવિ નક્કી કરશે. ચૂંટણી માટે એક હજાર 627 EVM મશીન ફાળવાયા છે.

ડાંગમાં 337 મતદાનમથક પર એક લાખ 93 હજાર 588 જેટલા મતદાર તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. ચૂંટણી પ્રક્રિયા નિર્વિઘ્ને સંપન્ન થાય તે માટે બે હજાર 39 જેટલા ચૂંટણી અને 717 જેટલા પોલીસ કર્મચારી મતદાન મથક પર તહેનાત રહેશે.

તાપીમાં પણ જિલ્લાના સાત કેન્દ્ર પરથી EVM અને વીવીપેટ મશીનનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આવતીકાલે પાંચ લાખ 70 હજારથી વધુ મતદાર 500થી વધુ ઉમેદવાર માટે મતદાન કરશે.

મહીસાગરના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અર્પિત સાગરે કહ્યું, જિલ્લામાં કુલ આઠ ડિસ્પૅચિંગ સેન્ટર એટલે EVM મશીન મોકલવાની કામગીરી માટેના કેન્દ્ર કાર્યરત કરાયા છે. જ્યાંથી આજે ચૂંટણી સામગ્રીનું વિતરણ થઈ રહ્યું છે.

કચ્છમાં મુખ્ય ડિસ્પેચિંગ સેન્ટરથી એસ. ટી. બસના માધ્યમથી 234 રૂટ પર ચૂંટણી કર્મચારીઓ મતદાનની સામગ્રી લઈને રવાના થયા છે.

ચૂંટણીને લઈ છેલ્લી ઘડી સુધી રાજકીય નેતાઓ દ્વારા ઘરેઘરે જઈ પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ત્યારે પંચમહાલમાં જિલ્લા અને તાલુકા પંચાયતના ઉમેદવારો શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ઘરે-ઘરે જઈ મતદારો સાથે સીધો સંપર્ક સાધી પોતાના પક્ષના ઉમેદવારોને મત આપવા અપીલ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આવતીકાલે 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા 11 નગરપાલિકાની ખાલી પડેલી 13 બેઠક પર પેટા-ચૂંટણી માટે મતદાન થશે. રાજ્યના 49 હજાર 591 મતદાન મથક પર ચાર કરોડ 19 લાખથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.